# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

***Date : 26-08-2024*** ***Evening : 7.50 to 8.00 PM***
***Day : Monday*** ***National News***

આકાશવાણી- સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************************************

- કેન્દ્ર સરકારે ફરિયાદ નિવારણને સમયબદ્ધ અને સાર્થક બનાવવાના હેતુથી વ્યાપક દિશા-નિર્દેશ જાહેર કર્યા.
- ગુજરાતમાં સાર્વત્રિક વરસાદને પગલે નદી-નાળા છલકાયા, નીચાળવાળા વિસ્તારોમાંથી 17 હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું
- ઓડિશામાં બર્ડ ફ્લૂનો પેસારો થતા અંદાજે 20 હજાર મરઘાઓના કતલ કરી, પોલ્ટ્રીફાર્મ સેનિટાઇઝ કરાયા
- ઑસ્ટ્રેલિયાની સરકારે કર્મચારીઓને કામના કલાકો સિવાયના સમયમાં સંપર્ક વિહોણા રહેવાનો આધિકાર આપતો કાયદો અમલમાં મૂક્યો
- અને ગુજરાત, મધ્ય પ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- મથુરા અને વૃંદાવન સહિત દેશભરમાં કૃષ્ણજન્મોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી.

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## CENTRE - PUBLIC GRIEVANCE SYSTEM

કેન્દ્ર સરકારે ફરિયાદ નિવારણને સમયબદ્ધ અને સાર્થક બનાવવાના હેતુથી વ્યાપક દિશા-નિર્દેશ જાહેર કર્યા છે. કાર્મિક અને લોક ફરિયાદ તેમજ પેન્શન મંત્રાલયે

એક નિવેદનમાં જણાવ્યું છે કે સામાન્ય નાગરિકો પોતાની ફરિયાદો www.pgportal.gov પર નોંધાવી શકે છે.

કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો સામેની આ ફરિયાદોના સમાધાન માટે નોડલ અધિકારી નિયુક્ત કરવાના રહેશે. જે ફરિયાદોને નિવેડો આવી ગયો હોય તેમના વિશેની માહિતી લોકોને એસએમએસ અને ઇમેલ દ્વારા આપવામાં આવશે.

કેન્દ્રીય લોક ફરિયાદ નિવારણ અને નિરીક્ષણ પ્રણાલી પોર્ટલે વર્ષ 2022થી 2024 દરમિયાન અંદાજે 60 લાખ જાહેર ફરિયાદોનું નિવારણ કર્યું. આ પૂર્વેના આદેશોમાં ફરિયાદ નિવારણની સમય મર્યાદા 30 દિવસ હતી, જેને ઘટાડીને 21 દિવસ કરવામાં આવી છે.

## INDIA SINGAPORE

ભારત અને સિંગાપુરમાં મંત્રીઓની બીજી ગોળમેજી બેઠક આજે સિંગાપુર ખાતે મળી હતી. બેઠક દરમિયાન ભારત અને સિંગાપુરના નેતાઓએ બંને દેશો વચ્ચે ભાવી ક્ષેત્રોમાં સહકાર વધારવાની તકો અંગે ચર્ચા કરી.

બંને દેશોએ છ મુખ્ય કેન્દ્રોની પસંદગી કરી છે. જેમાં ડિજીટલીકરણ, કૌશલ્ય વિકાસ, સ્થિરતા, આરોગ્ય અને સારવાર તેમજ અત્યાધુનિક માળખાકીય વિકાસ અને નેટવર્ક સેવાઓ સામેલ છે.

બેઠકમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર, રેલવે અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ તેમજ ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયેલ ઉપસ્થિત રહ્યા હતા.

બંને દેશોના નેતાઓએ ભારત અને સિંગાપુર વચ્ચે કુટનૈતિક સંબંધોની 60મી વર્ષગાંઠ મનાવવાની યોજના પર ભાર મૂક્યો. તેમણે આસિયાન અને જી20 દેશો સહિત પ્રાદેશિક અને વૈશ્વિક સહકાર વિશે ચર્ચા કરી હતી.

આ પૂર્વે ભારતના મંત્રીઓએ સિંગાપુરના રાષ્ટ્રપતિ થર્મન ષણમુગરત્નમ અને સિંગાપુરના પ્રધાનમંત્રી લૉરેન્સ વોંગ સાથે મુલાકાત કરી.

## JAMMU KASHMIR

ભારતીય જનતા પક્ષે જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે 16 ઉમેદવારોની નવી યાદી જાહેર કરી છે. પક્ષે પંપોરથી સૈયદ શૌકત ગયૂર અંદ્રાબી, શોપિયાંથી જાવેદ અહમદ કાદરી, રાજપોરાથી અર્શિદ ભટ્ટ, અનંતનાગથી એડ્વોકેટ સૈયદ વજાહત, કિશ્તવાડથી શગુન પરિહાર, ડોડાથી ગજયસિંહ રાણા અને કોકરનાગથી રોશન હુસૈન ગુજ્જરને ટિકિટ ફાળવી છે. રાકેશ ઠાકુર- રામબનથી, સલીમ ભટ્ટ- બિનાહાલથી અને શક્તિ રાજ પરિહાર- ડોડા પશ્ચિમથી ચૂંટણી લડશે.

આ પૂર્વે પાર્ટીએ વિધાનસભા ચૂંટણી માટે 44 ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જે બાદ તેને પરત ખેંચી લીધી હતી.

ઉલ્લેખનીય છે કે જમ્મૂ કાશ્મીરમાં 18 સપ્ટેમ્બરના રોજ ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે. 90 બેઠકો ધરાવતી વિધાનસભા ચૂંટણી માટેની મતગણતરી 4થી ઓક્ટોબરના રોજ હાથ ધરાશે.

## ODISHA BIRD FULE

ઓડિશામાં બર્ડ ફ્લૂને પગલે પુરી જિલ્લાના પીપલીમાં હજારો મરઘાઓને મારી નાંખવામાં આવ્યા છે. અહેવાલ અનુસાર રાજ્ય સરકાર દ્વારા અંદાજે 20 હજાર જેટલા મરઘાઓને મારીને તેમને પ્રોટોકોલ પ્રમાણે દફનાવવામાં આવી રહ્યા છે, ઉપરાંત પોલ્ટ્રી ફાર્મને સેનેટાઇઝ કરાઈ રહ્યા છે.

ભોપાલના રાષ્ટ્રીય ઉચ્ચ સુરક્ષા પશુ રોગ સંસ્થા દ્વારા હાલમાં જ પીપલી વિસ્તારથી લેવાયેલા નમૂના એવ્યન ઇન્ફ્લૂએન્ઝા H-5-N-1થી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું હતું. જે બાદ રાજ્ય સરકારે બર્ડ ફ્લૂના સંક્રમણને વધતુ અટકવવા પગલા લેવાનું શરૂ કર્યું છે.

## WB-POLYGRAPH TEST

કોલકાતાની આર.જી. કર હૉસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપલનો પોલિગ્રાફ ટેસ્ટ કરાયો હતો. સીબીઆઈએ કોલકાતામાં નિઝામ પ્લેસ ઓફિસમાં આર.જી.કર મેડિકલ કૉલેજના ફોરેન્સિક વિભાગના ભૂતપૂર્વ આરોગ્ય અધિકારી તેમજ ઉપપ્રાધ્યાપક ડૉ. સંજય વશિષ્ઠ અને ડૉ. દેબાશીષ સોમની પૂછપરછ કરી હતી.

સીબીઆઈએ હૉસ્પિટલમાં નાણાકીય અનિયમિતતાની તપાસ સંદર્ભે 15 સ્થળોએ દરોડા પાડ્યા હતા.

દરમિયાન રાજ્ય ભાજપ એકમે આવતીકાલે રાજ્ય સચિવાલય પાસે માર્ચનું આયોજન કર્યું છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ વિદ્યાર્થી સંગઠને પણ એક રેલીનું આહ્વાન કર્યું છે.

પશ્ચિમ બંગાળની તમામ સરકારી મેડીકલ કૉલેજો અને સંસ્થાનોમાં જૂનિયર ડૉક્ટર્સની હડતાળ ચાલું છે. પશ્ચિમ બંગાળ જૂનિયર ડોક્ટર્સ ફ્રન્ટે આર. જી. કર મેડિકલ કૉલેજ દુષ્કર્મની ઘટનાની વિસ્તૃત તપાસ, દોષીઓને કઠોર સજા અને સંદીપ ઘોષને બરખાસ્ત કરવાની માગ કરી છે.

## GUJARAT RAIN

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદને પગલે જનજીવન ખોરવાયું હતું. રાજ્યના 237 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે, વડોદરાના પાદરામાં સૌથી વધુ 10 ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. દરમિયાન હવામાન વિભાગે આગામી ચોવીસ કલાકમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં રેડ અલર્ટ જાહેર કર્યું છે. જેને પગલે પ્રાથમિક શાળામાં રજા જાહેર કરાઈ છે.

ભારે વરસાદને પગલે સરદાર સરોવર ડેમ 89 ટકા જેટલો ભરાયો, જ્યારે 72 ડેમ હાઇઅલર્ટ પર છે. અનેક જિલ્લાઓમાં NDRF અને SDRFની ટીમે તૈનાત કરાઈ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## EVE. IMD-WEATHER

હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને પગલે રેડ અલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગ અનુસાર દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. આ ઉપરાંત મધ્ય પ્રદેશ, ગોવા, તટિય કર્ણાટક અને દક્ષિણ કર્ણાટકમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

આ તરફ જમ્મૂ કાશ્મીર, લદ્દાખ અને પંજાબના અંતરિયાળ ભાગોમાં આવતીકાલે ભારે વરસાદની શક્યતા છે. દક્ષિણ ભારતની વાત કરીએ તો કેરળ, તટિય આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કર્ણાકમાં ત્રણ દિવસમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ઉપરાંત ઝારખંડ, બિહાર, ઓડિશા, નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ, ત્રિપુરા, આસામ, મેઘાલય, આંદમાન-નિકોબાર ટાપુ ખાતે બે દિવસમાં છૂટો છવાયા વરસાદની આગાહી છે.

## AUS RIGHT TO DISCONNECT

ઑસ્ટ્રેલિયાની સરકારે રાઇટ ટુ ડિસ્કનેક્ટ એક્ટ એટલે કે સંપર્કથી બહાર રહેવાનો અધિકાર કાયદો અમલમાં મૂક્યો છે. જે કર્મચારીઓને કામના કલાકો બાહર સંપર્ક કરવાનો ઇનકાર કરવાનો અધિકાર આપે છે.

આજથી ઑસ્ટ્રેલિયામાં કર્મચારીઓને તેમના પગારના કલાકો બહાર કામના ઇમેલ-કોલ અને મેસેજ પર નજર રાખવાનો, જવાબ આપવાનો ઇનકાર કરવાનો અધિકાર રહેશે.

જોકે આપાતની સ્થિતિમાં સંપર્ક બહાર રહેવાનો આ આધિકાર લાગુ પડતો નથી. આ કાયદો કર્મચારી ગેરવાજબી કારણોસર જવાબ સંપર્ક કરવો ઇનકાર કરે, તેની ભૂમિકા, સંપર્કનું કારણ, કેવી રીતે સંપર્ક કરવામાં આવે છે સહિતના વિવિધ પરિબળો પર આધાર રાખે છે.

આજથી અમલી બનેલો આ કાયદો 15થી વધુ કર્મચારીઓ ધરવાતી કંપનીઓમાં અને કર્મચારીઓ પર લાગુ થશે, જ્યારે આગામી 22 ઓગસ્ટથી નાના વ્યવસાયો પર લાગુ થશે.

## JANMASHTAMI CELEBRATION

દેશભરમાં આજે જન્માષ્ટમીનો તહેવાર ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવી રહ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓને જન્માષ્ટમીના અવસર પર શુભેચ્છાઓ પાઠવી હતી. વિશ્વભરના મંદિરોમાં ભગવાન શ્રી કૃષ્ણના દર્શન માટે ભક્તો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

ગુજરાતમાં આજે જન્માષ્ટમીની ધાર્મિક હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. દ્વારકાના સૌથી આદરણીય દ્વારકાધીશ મંદિર અને ડાકોરમાં આવેલા શ્રી રણછોડરાય જી મંદિર અને રાજ્યભરના અન્ય મંદિરોમાં કૃષ્ણ જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. દેશભરના કૃષ્ણ મંદિરોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા છે. પરંપરા મુજબ, ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરામાં આજે મધ્યરાત્રિએ 12 વાગ્યે શ્રી કૃષ્ણ જન્મની ઉજવણી કરવામાં આવશે.

## CHHATTISGARH 25 MAOISTS SURRENDERED

છત્તીસગઢના બીજાપુર જિલ્લામા આજે 25 જેટલા નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. જિલ્લા પોલીસ નિયામક અને સીઆરપીએફના ડીઆઈજીની હાજરીમાં તેમણે સમર્પણ કર્યું હતું. આ નક્સલવાદીઓ ઉપર કુલ 29 લાખ રૂપિયાનું ઇનામ જાહેર થયેલું હતું. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર આત્મસમર્પણ કરનારા નક્સલવાદીઓને છત્તીસગઢ સરકારની પુર્નવસન નીતિ અંતર્ગત 25 હજાર રૂપિયાની સહાય આપવામાં આવી.

## JAPAN - TYPHOON SHANSHAN

વાવાઝોડું "શાનશાન" મંગળવારથી બુધવાર સુધી જાપાનના પશ્ચિમી ભાગો અને દક્ષિણ ક્ષેત્રમાં લેન્ડફોલ થવાની ધારણા છે ત્યારે જાપાન હાઇ એલર્ટ પર છે. વાવાઝોડું હાલમાં જાપાની ટાપુ અમામી ઓશિમા નજીક સમુદ્રમાં આગળ વધી રહ્યું છે અને આ સપ્તાહના અંતમાં તે ખૂબ જ શક્તિશાળી તોફાનમાં પરિણમી શકે છે. જાપાનની હવામાન એજન્સીએ આજે ચેતવણી આપતા જણાવ્યું છે કે કે ક્યુશુ અને અમામીમાં મહત્તમ 162 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સતત પવન ફૂંકાઈ શકે છે, જ્યારે ક્યુશુ, શિકોકુ અને અમામીમાં 9 મીટર જેટલા ઊંચા મોજા ઉછળવાની ની ધારણા છે. ટાયફૂનને કારણે સેન્ટ્રલ જાપાન રેલ્વે કંપનીએ ગુરુવારથી શનિવાર સુધી સંભવિત રેલ સેવા સ્થગિત કરવાની જાહેરાત કરી છે.

## MHA-LADAKH

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં કેન્દ્ર સરકારે ઝંસ્કાર, દ્રાસ, શામ, નુબ્રા અને ચાંગથાંગને અલગ જિલ્લા બનાવવાનો નિર્ણય લીધો છે.

આજે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે, ગૃહ મંત્રાલયે વિકસિત અને સમૃદ્ધ લદ્દાખના નિર્માણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુસરીને કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચ નવા જિલ્લા બનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે, નવા જિલ્લાઓ અંતરિયાળ વિસ્તારોમાં

શાસનને મજબૂત કરીને લોકોને તેમનાં ઘર સુધી લાભ પહોંચાડશે. તેમણે કહ્યું કે, સરકાર લદ્દાખના લોકો માટે વિપુલ તકો ઊભી કરવા માટે પણ પ્રતિબદ્ધ છે.